Extra No. 425

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **MONDAY, JUNE 22, 2026 / ASHADHA 1, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જૂન, ૨૦૨૬

વંચાણમાં લીધું: રાજ્ય ચૂંટણી આયોગના પત્ર ક્રમાંક : રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-મતય-૧(૪)-૦૬૨૦૨૬-ક/૨૦૦૦૮ થી ૨૦૦૮૨, તા.૧૭-૦૬-૨૦૨૬

ક્રમાંક: રાચઆ-ચટણ-મનપા-મતય-૧(૪)-૦૬૨૦૨૬-ક-૨૦૩૩૬ થી ૨૦૩૬૫

૧. રાજ્યની મહાનગરપાલિકાની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણી સને ૨૦૧૧ની વસ્તી ગણતરી આધારે હાલમાં અમલમાં હોય તે સીમાંકન મુજબ યોજવાની થાય છે. ગુજરાત વિધાનસભા મતદાર વિભાગોની અદ્યતન સ્થિતિની પ્રસિદ્ધ થયેલ મતદારયાદી પરથી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ની કલમ-૮ તથા બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદાર નોંધણી) નિયમો, ૧૯૯૪ના (વખતોવખત સુધાર્યા પ્રમાણે) ની જોગવાઇ અનુસાર મહાનગરપાલિકાની ખાલી પડેલ બેઠકની મતદારયાદી તૈયાર કરી, પ્રસિદ્ધ કરવાની થાય છે. મહાનગરપાલિકાની ખાલી પડેલ બેઠકની મતદારયાદી અંગે નમૂનો-૨ અને નમૂનો-અ તૈયાર કરવા વંચાણવાળા પત્રથી જણાવેલ છે.

૨. ગુજરાત વિધાનસભાની અદ્યતન સ્થિતિની આખરી પ્રસિદ્ધ થયેલી (પુરવણી સહિતની) મતદારયાદીના આધારે બંધારણની કલમ-૨૪૩-વક તથા ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ની કલમ-૮, બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદાર નોંધણી) નિયમો, ૧૯૯૪ના (વખતોવખત સુધાર્યા પ્રમાણે) ની જોગવાઇ મુજબ મહાનગરપાલિકામાં પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણી માટે જે તે વોર્ડના મતદારો મતદાનથી વંચિત ન રહે તે માટે જે વોર્ડમાં બેઠક ખાલી પડેલ હોય તે વોર્ડ પૂરતી મતદારયાદી તૈયાર કરી તા.૨૨/૦૬/૨૦૨૬ના રોજ મુસદ્દારૂપ (પ્રાથમિક) મતદારયાદી મહાનગરપાલિકાની મુખ્ય કચેરી તેમજ ઝોનલ અને વોર્ડની કચેરીએ તથા મતદાર નોંધણી અધિકારી નક્કી કરે તે સ્થળોએ પ્રસિદ્ધ કરવાની રહેશે અને તેની જાણ આયોગને કરવાની રહેશે.

૩. બોમ્બે પ્રોવિન્શિયલ કોર્પોરેશન (મતદાર નોંધણી) નિયમો, ૧૯૯૪ (વખતોવખત સુધાર્યા પ્રમાણે) ના નિયમ ૫ ધ્યાને લઇ પ્રાથમિક મતદારયાદીમાં સુધારો કરવાનો રહેશે.

૪. બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદાર નોંધણી) નિયમો, ૧૯૯૪ (વખતોવખત સુધાર્યા પ્રમાણે) ના નિયમ-૬ની જોગવાઇ મુજબ ઉમેદવારી પત્ર રજૂ કરવાની છેલ્લી તારીખના દશ (૧૦) દિવસ પહેલાં પુરવણી સહિતની આખરી મતદારયાદીની નિયમાનુસાર તા.૦૧/૦૭/૨૦૨૬ના રોજ પ્રસિદ્ધ કરવાની રહેશે. તે પછી મહાનગરપાલિકાની બેઠકને પેટા ચૂંટણીની સમગ્ર પ્રક્રિયા પૂરી થાય ત્યાં સુધી, આવી મતદારયાદીમાં કોઇ ઉમેરો અથવા ફેરફારો અથવા સુધારો કરવો જોઇશે નહિ.

૫. બોમ્બે પ્રોવેન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદાર નોંધણી) નિયમો, ૧૯૯૪ (વખતોવખત સુધાર્યા પ્રમાણે) ના નિયમ-૭ અનુસાર આખરી પ્રસિદ્ધ થયેલ મતદારયાદી (પૂરવણી સહિત) ની નકલ કોઈ વ્યક્તિ માગે તો જરૂરી ફી લઈને આપવાની રહેશે તથા મતદાર નોંધણી અધિકારીએ આખરી મતદારયાદી અને જો પુરવણી હોય તો તે સાથે રાજ્ય ચૂંટણી આયોગ ખાતે નોંધાયેલ માન્ય રાજકીય પક્ષોને બે નકલ (એક નકલ છાપેલી અને બીજી નકલ PDF મતદારોના ફોટા વગરની) વિનામૂલ્યે આપવાની રહેશે અને આખરી મતદારયાદીની જો પુરવણી હોય તો તે સહિતની એક નકલ રાજ્ય ચૂંટણી આયોગને મોકલવાની રહેશે.

૬. મહાનગરપાલિકાની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણી માટે સેવા મતદારોની યાદી નક્કી થયેલ નમૂનામાં આપના કક્ષાએથી તૈયાર કરી તેની પ્રસિદ્ધિ કરવાની રહેશે.

૭. મુસદ્દારૂપ (પ્રાથમિક) મતદારયાદી અને આખરી મતદારયાદીની નિયમોનુસાર નક્કી કરેલ સ્થળોએ પ્રસિદ્ધિ કરી તે અંગેના પુરાવા / રેકર્ડ આપની કક્ષાએથી નિભાવવાનું રહેશે.

૮. શહેર ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રીએ આ આદેશ અનુસાર કાર્યવાહી કરવા સંબંધિત મહાનગરપાલિકાના મતદાર નોંધણી અધિકારી અને કમિશનરશ્રીને આ આદેશની નકલ આપી તે અનુસાર થયેલ અમલવારીની માહિતી અત્રે પણ મોકલવાની રહેશે.

આ આદેશ પ્રમાણે વખતોવખત પ્રસિદ્ધ થયેલ મતદારયાદીઓ સંબંધે તેમજ ઉક્ત નિયમો અનુસાર કાર્યવાહી કરી રાજ્ય ચૂંટણી આયોગને વિગતો મોકલવાની રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

(સહી/-) અવાચ્ય,
સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.07.02 21:21:53 IST